# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-06-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## અમદાવાદ વિમાન દુર્ઘટના - DNA

**અમદાવાદ વિમાન દુર્ઘટનાના 211 મૃતકના DNA નમૂના મૅચ થયા છે. જ્યારે 189 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપવામાં આવ્યા છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોશીએ જણાવ્યું કે 11 લોકો પોતાના સ્વજનોના મૃતદેહ મળે તેની રાહ જોઈ રહ્યા છે. અત્યાર સુધી જેના મૃતદેહ સ્વજનોને સોંપાયા છે તેમાં 142 ભારતીય, 32 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ, એક કેનેડિયન અને 7 અન્ય સ્થાનિકોનો સમાવેશ થાય છે.**

**-------------------------------------------------------------------------------------------**

## રેશનકાર્ડ – E-KYC

**રાજ્યમાં રેશનકાર્ડ ધરાવતા 3 કરોડ 14 લાખથી વધુ લોકોનું E-KYC પૂર્ણ થયું છે. અન્ન-નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 88 ટકા E-KYC પૂર્ણ થયું છે. લાભાર્થીઓનું ડુપ્લીકેશન અટકાવવાના હેતુથી છેલ્લા દોઢ વર્ષથી e-KYCની કામગીરી ચાલી રહી છે. દરમિયાન રાજ્યભરમાં ચાલુ જૂન માસમાં જથ્થાની ફાળવણી સામે કુલ 93.40 ટકા અનાજનું વિતરણ કરાયું છે.**

**-------------------------------------------------------------------------------------------**

## ગ્રામ પંચાયત ચૂંટણી તાલીમ

**ગ્રામ પંચાયતની ચૂંટણી અંતર્ગત આગામી 22 મી એ યોજાનાર મતદાન માટે તંત્ર દ્વારા તૈયારીઓને અંતિમ ઓપ અપાઈ રહ્યો છે. બેલેટ પેપર દ્વારા મતદાન કરાવવામાં આવશે ત્યારે**

રાપર મોડેલ સ્કૂલ ખાતે રાપર તાલુકાના મતદાન કર્મચારીઓની તાલીમ યોજવામાં આવી હતી.

આ તાલીમમાં પ્રિસાઇડિંગ ઓફિસર, ફર્સ્ટ પોલીગ ઓફિસર, પોલિંગ ઓફિસર અને મહિલા પોલીગ ઓફિસરોને વિવિધ નમૂનાના પત્રકો દ્વારા પ્રત્યક્ષ તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## મતદાનના દિવસે સવેતન રજા

જીલ્લામાં આગામી ૨૨ મી જુને રવિવારે ગ્રામ પંચાયતની ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે ત્યારે દરેક મતદાર પોતાની પવિત્ર મતદાનની ફરજ નિભાવી શકે તે માટે જિલ્લાના મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા શ્રમયોગીઓને સવેતન રજા આપવા માટે જણાવવામાં આવ્યું છે.

જે અનુસાર ગ્રામ પંચાયત ચૂંટણીમાં જે તે વિસ્તારની સંસ્થાઓ અથવા દુકાનમાં નોકરી કરતાં શ્રમયોગીઓ-કર્મચારીઓને જો મતદાનના દિવસે અઠવાડિક રજા ન હોય તો અઠવાડિક રજા બદલી કરીને મતદાનના દિવસે રજા મંજૂર કરવાની રહેશે અથવા આ કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવાની રહેશે તેમ સુચના આપવામાં આવી છે.

---------------------------------------------------------------------------------

## યુએવી ડ્રોનના ઉપયોગ પર પ્રતિબંધ

જિલ્લામાં હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે કોઇપણ સરકારી કે ખાનગી સંસ્થા અથવા વ્યક્તિ દ્વારા કોઈપણ પ્રકારના યુએવી ડ્રોનના ઉપયોગ પર આગામી ૩૦ મી જુન સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

**જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ બહાર પાડવામાં આવેલા આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.**

**--------------------------------------------------------------------------------**

## કચ્છ યુનિવર્સિટી

**કચ્છ યુનિવર્સિટીને તેની સ્થાપનાના 21 વર્ષ બાદ આખરે નેકની માન્યતા મળતાં હવે ઉચ્ચ શિક્ષણના વિકાસના નવાં દ્વાર ખૂલશે તેવો આશાવાદ વધુ પ્રબળ બન્યો છે. વર્ષ 2018થી 2023 દરમિયાન કરવામાં આવેલા વિવિધ કાર્યોનાં મૂલ્યાંકન અનુસાર ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીને નેક એટલે કે રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા પરિષદ  દ્વારા સી-ગ્રેડ સાથે માન્યતા આપવામાં આવી છે. યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલે આ અંગે આ મુજબ જણાવ્યું હતું.**

**બાઈટ... ડો. મોહન પટેલ, કુલપતિ-કચ્છ યુનિવર્સિટી**

**--------------------------------------------------------------------------------**

## પોલીસ કર્મચારીઓ માટે યોગ શિબિર

**આગામી વિશ્વ યોગ દિવસના ઉપલક્ષમાં પશ્ચિમ કચ્છ પોલીસ હેડક્વાર્ટર ભુજ ખાતે પોલીસ કર્મચારીઓ માટે યોગ શિબિર યોજાઇ હતી. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઉપક્રમે સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત યોજાયેલ આ કાર્યક્રમમાં કર્મચારીઓને યોગાસન અને પ્રાણાયામની તાલીમ આપવામાં આવી હતી.**

**આ ઉપરાંત, પોલીસ કર્મચારીઓને અનિયમિત જીવનશૈલી અને ઓછી ઊંઘના કારણે થતી બીમારીઓથી બચવા માટે ખાસ યોગાસનો શીખવવામાં આવ્યા હતા.**

**--------------------------------------------------------------------------------**

## લાલન કોલેજ ખાતે યોગ શિબિર

સરકારી આયુર્વેદ હોસ્પિટલ તથા લાલન કોલેજના સંયુક્ત ઉપક્રમે વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આવતીકાલે લાલન કોલેજ ઓડીટોરીયમ ખાતે સવારે યોગ શિબીરનું આયોજન કરવામા આવ્યુ છે.

આ સાથે આયુર્વેદિક-હોમિયોપેથી મફત નિદાન સારવાર કેમ્પ પણ યોજાશે. કેમ્પમાં સિઝનલ ફ્લુ તેમજ કોરાના જેવા સંક્રમિત રોગો સામે રક્ષણ મેળવવા રોગપ્રતિકારક શક્તિ વર્ધક “અમૃત પેય ઉકાળો” પીવડાવવામાં આવશે તેવું વૈદ્ય પંચકર્મ,સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભુજની યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------

## વ્યસન મુક્તિ ઝુંબેશ

વ્યસન મુક્તિ ઝુંબેશ અંતર્ગત આજે ભુજ તાલુકાના મિરઝાપર ગામે શાળાઓથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલી દુકાનો અને કેબીનોમાં તમાકુ તથા તેની બનાવટોનું વેચાણ કરતા ધંધાર્થીઓ સામે કાયદાના ભંગ બદલ દંડ વસુલવામાં આવ્યો હતો. ઉપરાંત, સરકારી દવાખાના જેવા જાહેર સ્થળોએ તમાકુની બનાવટોનું ઉપયોગ કરતા લોકો વિરુધ્ધ પણ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------